
## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**પક્ષના કાર્યકર્તા હશો તો, તમારે કોઈ ટેસ્ટ કે દવાની જરૂર નથી... ચૂંટણીનું પરિણામ તમારી ફેવરમાં આવશે તો પેટનો દુ:ખાવો આપમેળે મટી જશે...!!!**

# રાણીપમાં પત્નિ પર એસિડ ફેંકનાર ફરાર પતિ ઝડપાયો

અમદાવાદ,તા. ૨૮

શહેરના રાણીપ વિસ્તારમાં લગ્નજીવનની તકરારમાં ઉશ્કેરાયેલા પતિએ આવેશમાં આવી જઈ પોતાની પત્ની પર એસિડ ફેંકવાના ચકચારભર્યા પ્રકરણમાં રાણીપ પોલીસે આજે ફરાર પતિને ઝડપી લીધો છે. રાણીપ પોલીસે આરોપી પતિ નરોત્તમ સોલંકીની ધરપકડ કરી સમગ્ર કેસમાં હવે એફએસએલની મદદ લઈ તપાસ શરૂ કરી છે. બીજીબાજુ, ઈજાગ્રસ્ત પત્ની સિવિલ હોસ્પિટલના બર્ન્સ વોર્ડમાં દાખલ છે, તેની નાની પુત્રી પર પણ પતિએ ફેંકેલા એસિડના છાંટા ઉડયા હતા, જો કે, તેનો આબાદ બચાવ થયો હતો. ગઈકાલે રાણપીમાં લગ્નજીવનની તકરારમાં આવશેમાં આવી જઈ પત્ની પર એસિડ ફેંકયા બાદ આરોપી પતિ ત્યાંથી ફરાર થઈ ગયો હતો. પોલીસે તેને પકડવાના ચક્રો ગતિમાન કર્યા હતા અને આજે રાણીપ પોલીસે સિવિલ હોસ્પિટલ વિસ્તારમાંથી જ આરોપી પતિ નરોત્તમ સોલંકીની આખરે ધરપકડ કરી લીધી હતી.

# સરઢવ પાસે ટ્રેઈલર-એકટીવા વચ્ચે અકસ્માત : એકનુ મૃત્યુ

## હડકશા માતાજીના મેળામાંથી પરત ફરતા કિશોરને અકસ્માત નડ્યો

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર જિલ્લાના કોઠા ગામે ચૈત્ર માસના અંતિમ રવિવારના રોજ હડકશા માતાજીનો મેળો ભરાય છે. આ દિવસે રાજયભરમાંથી હડકશા માતાજીના દર્શન કરવા દેવી પુજક સમાજના ભાઈ બહેનો લાખોની સંખ્યામાં ઉમટી પડે છે. ત્યારે માતાજીના દર્શનાર્થે કેટલાક ભકતો પગપાળા સંઘમાં આવે છે. ત્યારે માતાજીના મેળામાંથી અમદાવાદ પરત ફરતા યુવાનને રવિવારની વહેલી સવારે સરઢવ ગામ પાસે અકસ્માત નડ્યો હતો. એકટીવા અને ટ્રેઈલર વચ્ચે થયેલા અકસ્માતમાં એક કિશોરનું મૃત્યું નિપજ્યું હતું. જયારે તેની સાથે રહેલા તેની ફોઈના દિકરાને શરીરે ઈજાઓ પહોંચી હતી.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ અમદાવાદના મેઘાણીનગરમાં તેલીયા મીલની ચાલી ખાતે રહેતા ૧૫ વર્ષિય વિમલ વિનોદભાઈ ચુનારા તેના ફોઈના દિકરા ચિરાગ મનોજભાઈ દંતાણી સાથે મિત્રનું એકટીવા લઈને કલોલના કાંઠા ગામે માતાજીના દર્શનાર્થે ગયા હતા. આ સમયે તેના



પિતા પણ પગપાળા માતાજીના દર્શન માટે નીકળ્યા હતા. વિમલ અને ચિરાગ દર્શન કરીને પરત ફરતા હતા ત્યારે સરઢવ ચાર રસ્તાથી મોટી આદરજ ગામ તરફ જતા માર્ગ પર એક ટ્રેઈલરના ચાલકે એકટીવાને ટકકર મારતા બંન્ને નીચે પટકાયા હતા. અકસ્માતની ગંભીરતા જોતા એમ.પી.૩૭.જી.એ.-૨૦૩૫ ટ્રેઈલરનો ચાલક ભાગી ગયો હતો. માર્ગ પર પટકાતા ચિરાગને બેઠો માર વાગ્યો હતો. જયારે વિમલને માથાના ભાગે ગંભીર ઈજા થઈ હતી. બનાવ સમયે મંદિરે પગપાળા જતા તેના પિતાએ અકસ્માત જોયો હતો. તેઓ પોતાના પુત્રને ખાનગી વાહનમાં પુત્રને લઈને સરઢવ ખાતે આવેલ રેવાબાઈ હોસ્પિટલ લઈ ગયા હતા.ત્યાંથી વધુ સારવાર માટે અમ્બ્યુલન્સમાં ગાંધીનગર સિવિલ લઈ ગયા હતા. જો કે ગાંધીનગર સિવિલ પહોંચે તે પહેલા જ વિમલનું પ્રાણ પંખેરુ ઉડી ગયું હતું. વિમલના મૃત્યુના સમાચાર જાણતા જ પરિવાર પર આભ તુટી પડ્યું હતું. પોતાના વ્હાલસોયાની અચાનક વિદાયથી પિતાના આક્રંદથી સૌ કોઈ હાજર વ્યકિતની આંખો ભીની બની હતી. બનાવ અંગે પેથાપુર પોલીસે મૃત્યદેહને પીએમ અર્થે મોકલી આપી મૃતકના પિતાની ફરીયાદને આધારે ગુનો નોંધી ફરાર ટ્રેઈલર ચાલકને પકડવા માટે પેથાપુર પીએસઆઈએ ચક્રો ગતિમાન કર્યા છે.

# ગોગારી દંપતિને જીઆઈડીસી એન્જીનીયરીંગ એસો.ની શ્રદ્ધાંજલિ

## મંગળવારે સે. ૨૮ કોમ્યુનીટી હોલ ખાતે બેસણું

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગરના રાજધાની ગ્રુપના ઘોઘારી પરિવારના અગ્રણી અને જીઆઈડીસી એન્જીનિયરીંગ કોમ્પલેક્ષ એસોશિએશનના મહામંત્રી જે લગ્ન પ્રસંગે માળીયા જવા માટે નીકળ્યા અને અકસ્માત નડતા ગોગારી દંપતિ નરસિંહભાઈ ગોગારી અને નર્મદાબેન ગોગારીનું ઘટનાસ્થળે મોત નીપજયુ હતુ. સે. ૨૮ સ્થિત જીઆઈડીસી એન્જીનીયરીંગ કોમ્પલેક્ષ એસોસીએશન દ્વારા તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી છે. તેમના સત્કાર્યોને શબ્દોમાં વર્ણવી શકાય તેમ નથી. તેમનુ જીવન સાદગીમય, પરોપકારી, નિ:સ્વાર્થ સેવા તથા આધ્યાત્મિકમય હતુ. તેમના આકસ્મિક અવસાનથી એસોસીએશનને મોટી ખોટ પડી છે. આ દુ:ખદ ઘટનાથી સમગ્ર અસોસિએશન તથા તેમના પરિવારજનો પર આકસ્મિત દુ:ખની ઘટના ઘટી છે. તેમનું બેસણું ૩૦ એપ્રિલના રોજ સવારે ૮ થી ૧૧ કલાક સુધી સે. ૨૮ સ્થિત જીઆઈડીસી એન્જીનિયરીંગ એસ્ટેટ, સે. ૨૮ના કોમ્યુનિટી હોલ ખાતે રાખવામાં આવ્યું છે.

# સે-૨૧ ખાતે સુલભ શૌચાલય પાસે ગટર ઉભરાતા ગંદા પાણીના ખાબોચીયા ભરાયા

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેરના સેકટર-૨૧ ખાતે સુલભ વાહન ચાલકો અને નાગરીકોની હાલત કફોડી બની હતી. જયારે કેટલાક




શૌચાલય પાસેથી ગટર અચાનક ઉભરાતા ગટરના ગંદા પાણી માર્ગ પર ફરી વળતા દુર્ગંધથી નગરજનો ત્રાહીમામ પોંકારી ઉઠ્યા હતા.

સુલભ શૌચાલયથી ગટરના ગંદા પાણીના ખાબોચીયા માર્ગ પર અડધો કિલોમીટર સુધી પથરાયા હતા. ગંદા પાણીની દુર્ગંધથી નગરજનોએ તે માર્ગ પરથી પસાર થવાનું પણ ટાળ્યું હતું. ત્યારે સેકટર-૨૧ માં રવિવારના રોજ વેપારના દિવસે આ પરિસ્થિતિ સર્જાતા વેપારીઓ પણ મુંજવણમાં મુકાયા હતા. ત્યારે ગટરના ગંદા વહેતા પાણીનો તાત્કાલીક ધોરણે નિકાલ કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

# ચિલોડા ચોકડી પર ઉડતા એશ પાવડરથી વેપારીઓ ત્રાહીમામ

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેરના મુખ્ય





પ્રવેશદ્વારા ગણાતા ચિલોડા ચાર રસ્તા પર છેલ્લા કેટલાક સમયથી તંત્ર દ્વારા ફલાય ઓવરની કામગીરી ચાલી રહી છે. મંથરગતિએ ચાલતી કામગીરીની પગલે વેપારીઓને ભારે પરેશાની ભોગવવી પડે છે. ફલાય ઓવરમાં ઉડતી એશથી વેપારીઓની દુકાન ભરાઈ જાય છે. ચિલોડા-હિંમતનગર હાઈ-વે તરફની તમામ દુકાનના વેપારીઓ ઉડતી રાખથી તેમની ચીજવસ્તુઓ બગડતી હોવાથી ત્રાહીમામ પોંકારી ઉઠ્યા છે. ત્યારે વેપારીઓ ફલાય ઓવરનું કામ રાત્રીના દરમિયાન થાય તો સમસ્યાનું સમાધાન આવી શકે તેમ છે. નહીતર આગામી સમયમાં વેપારીઓ આ સમસ્યાને પગલે આંદોલન કરે તો નવાઈ નહી.

ચિલોડા ફલાય ઓવરની કામગીરી શરુ છે. આ ફલાય ઓવરમાં એશ (રાખ) નો પાવડરનો ઉપયોગ થાય છે. આ એશના પાવડરથી આસાપાસ આવેલી હોટલ, રેસ્ટોરન્ટ, કપડાની દુકાન, ચા-પાણી, નાસ્તાની લારીઓ સહિત અનેક નાના મોટા વેપારીઓ વેપાર-ધંધો કરીને રોજગાર મેળવી રહ્યા છે. ત્યારે છેલ્લા ઘણા સમયથી તેમની હાલત કફોડી બની જવા પામી છે. માર્ગ બંધ હોવાથી ડાયવર્ઝનને કારણે વાહનોની અવર જવરને પગલે ધુળની ડમરીઓ અને એશ ઉડતા તેમની દુકાનમાં રહેલા સામાનને નુકશાન પહોંચે છે. વેપારીઓ દિવસ દરમિયાન એશના પાવડરને સફાઈ કરવાનું કામ કરતા નજરે પડે છે. જયારે ઉડતી એશને પગલે મુસાફરો કોઈ ચીજવસ્તુ ખરીદી કે ખાવાની ના પાડતા હોવાથી સ્થાનિક વેપારીઓને આર્થિક રીતે પણ કમર પર બોજો પડી રહ્યો છે. ઉડતી એશને પગલે વેપારીઓ અનેકવાર રજુઆત કરી ચુક્યા છે પરંતુ હજુ સુધી કોઈ ઉકેલ આવ્યો નથી.વેપારીઓનું કહેવું છે કે ફલાય ઓવરનુ કામ જો રાત્રી દરમિયાન થાય તો સમસ્યાનું સમાધાન આવી શકે તેમ છે. હાલ તો વેપારીઓ બંધ બારણે વેપાર કરી રહ્યા છે. પરંતુ આ સમસ્યાનો જો કાયમી ઉકેલ ટુંક સમયમાં નહી આવે તો વેપારીઓ આક્રમક મુડમાં જણાયા છે.

# અમદાવાદ જિલ્લા ઉચ્ચતર શિક્ષક સંઘની બેઠક યોજાઈ

અમદાવાદ જિલ્લા ઉચ્ચત માધ્યમિક શિક્ષક સંઘના નવા વરાયેલા પ્રમુખ મહેશકુમાર પટેલ તથા દશરથભાઈ પટેલ સંયુક્ત નિવેદનમાં જણાવે છે કે આજરોજ રેવામણી હોલ, ઘાટલોડિયા, અમદાવાદ ખાતે સામાન્ય સભા મળી હતી, જેમાં ૪૦૦થી વધુ ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ સહાયકોને ૨૬૦૦૦ના બદલે ૩૮૦૯૦ ફિક્સ પગાર વધારો આપવા અંગે તા.૨.૭.૧૯૯૯થી શિક્ષણ સહાયકોની નોકરી સળંગ ગણવા અંગે તા. ૩૧.૦૩.૨૦૧૬ પછી નિમાયેલા શિક્ષણ સહાયકોને નોકરીમાં ફાજલનું કાયમી રક્ષણ આપવા અંગે અને ૩૦૦ રજાઓના રોકડમાં રૂપાંતર અંગે ચૂટણી અગાઉ શિક્ષણમંત્રી તથા નાયબ મુખ્યમંત્રી પાસેથી ચારેય પ્રશ્નો ચૂંટણીની આચારસહિતા બાદ હલ કરવાની ખાતરી આપી હતી. પરંતુ જો આ ખાતરીનો અમલ નહીં થાય તો માધ્યમિક તથા ઉચ્ચત્તાર માધ્યમિક મહામંડળો જે કાર્યક્રમ આપે તેનો અમલ કરવાનું ઠરાવવામાં આવ્યું. સભામાં ૩૭ વર્ષની સાંઘીક અને શૈક્ષણિક સેવા આપવા બદલ પંકજભાઈ કે પટેલનું ઈન્ડીયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટીચર્સ યુનિવર્સિટીમાં કુલપતિ થવા બદલ ડૉ. હર્ષદભાઈ પટેલનું ગુજરાત યુનિવર્સિટીમાં પ્રો.વાઈસ ચાન્સેલર થવા બદલ જગદીશ ભાવસારનું અમદાવાદ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન તરીકે ધીરેન્દ્રસિંહ તોમરનું સન્માન કરવામાં આવ્યું હતું. સાથે શિક્ષક સંતાનો ધોરણ ૧૦-૧૨માં વધુ માર્કર્સ મેળવ્યા હોય તેમનું તથા નિવૃત થનાર ૬૪ શિક્ષકોનું અને રાજ્ય તેમજ રાષ્ટ્રીય પારિતોષિક મેળવનાર શિક્ષકોનું સન્માન કરવામાં આવ્યું હતું.

# રાજ્યની બ્યુરોક્રેસીમાં ૧૮ IAS અને ૭ IPS ઓફિસરો ૨૦૧૯ના અંતે નિવૃત્ત; CSને એક્સટેન્શનની શક્યતા

ગુજરાતના વહીવટી તંત્રમાં ૧૮ આઈએએસ અને સાત આઈપીએસ અધિકારીઓ ૨૦૧૯ના વર્ષના અંતે નિવૃત્ત થઈ રહ્યાં છે જે પૈકી રાજ્યના ચીફ સેક્રેટરી ડો. જેએન સિંઘ અને કેન્દ્રમાં પ્રતિનિયુક્તિ પર ગયેલા ગિરીશચંદ્ર મુર્મુને લોટરી લાગી શકે છે કેમ કે જો કેન્દ્રમાં મોદી સરકારની વાપસી થશે તો આ બન્ને ઓફિસરોની મોદીને જરૂર છે તેથી તેમનું કોઈપણ જગ્યાએ પોસ્ટીંગ થવાની સંભાવના વધારે છે. જેએન સિંઘ અને એસએલ અમરાણી મે મહિનામાં વયનિવૃત્ત થઈ રહ્યાં છે. સચિવાલયના સૂત્રો કહે છે કે જેએન સિંઘ ને ચીફ સેક્રેટરીની નોકરીમાં ત્રણ કે છ મહિનાનું એક્સટેન્શન મળવાની શક્યતા વધુ છે, કેમ કે સરકારને તેમની

## કોંગ્રેસની સરખામણીએ ભાજપમાં ફિલ્મ સ્ટાર્સ વધારે, પ્રચારમાં માટે પણ તૈયાર

જરૂર છે. ગુજરાતમાં બીજા ૧૬ આઈએએસ ઓફિસરો આ વર્ષના અંત સુધીમાં નિવૃત્ત થઈ રહ્યાં છે જેમાં આનંદ મોહન તિવારી, આરએમ જાદવ અને વીએ વાઘેલા જૂનમાં તેમજ આરજી ત્રિવેદી, જેકે ગઢવી અને અમૃત પટેલ જુલાઈમાં નિવૃત્ત થાય છે. એ ઉપરાંત સંજય પ્રસાદ, જીસી બ્રહ્મભટ્ટ, એસકે લાંગા અને એચજે વ્યાસ સપ્ટેમ્બરમાં, લલીત પાડલિયા અને એસબી પટેલ ઓક્ટોબરમાં, ગિરીશચંદ્ર મુર્મુ, સુજીત ગુલાટી અને પ્રેમકુમાર ગેરા નવેમ્બરમાં તેમજ આરએમ માંકડિયા ડિસેમ્બરમાં નિવૃત્ત થશે. એવી જ રીતે સાત આઈપીએસ ઓફિસરો પણ નિવૃત્ત થશે જે પૈકી એસએસ ત્રિવેદી અને એસએમ ખત્રી મે મહિનામાં, વીએમ પારગી અને આરજે પારગી જૂનમાં, મોહન ઝા જુલાઈમાં, સતીશ શર્મા ઓગષ્ટમાં અને આરજે સવાણી ડિસેમ્બરમાં વય નિવૃત્ત થાય છે.

**બોલિવુડનો ઝૂકાવ કોંગ્રેસ નહીં, ભાજપ સાથે છે...**

દેશમાં લોકસભાની ચૂંટણી ચાલી રહી છે ત્યારે ભાજપ વધુને વધુ સ્ટારકાસ્ટને મેદાનમાં ઉતારી રહી છે. ધર્મેન્દ્ર, વિનોદ ખન્ના અને શત્રુઘ્નસિંહા પછી હવે ધર્મેન્દ્ર પુત્ર સની દેઓલ, પત્ની હેમા માલિની, કિરણ ખેર, સ્મૃતિ ઈરાની, જયાપ્રદા જેવા ફિલ્મ કલાકારોને ટિકીટ આપી ચૂંટણી લડાવે છે પરંતુ ફિલ્મની સાથે રાજનીતિમાં આવીને ગયેલા અમદાવાદના પૂર્વ સાંસદ પરેશ રાવલ. સુપરસ્ટાર અમિતાભ બચ્ચન અને રાજેશ ખન્નાનો અનુભવ બહુ ખરાબ છે. બીજી તરફ કોંગ્રેસને પણ ફિલ્મી ઉમેદવારો જોઈતા હતા, પરંતુ રાજેશ ખન્ના, સુનિલ દત્ત, રાજબબ્બર, ગોવિંદા, ગુલ પનાંગ, રામ્યા અને ઉર્મિલા માતોડકર સિવાય કોઈ કોંગ્રેસ પાર્ટીમાં આવ્યું નથી. એવું લાગી રહ્યું છે કે બોલિવુડને ભાજપ પ્રત્યે વધારે લગાવ છે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ નિવાસસ્થાને મળવા ગયા છતાં માધુરી દિક્ષીતે ચૂંટણી લડવાનો ઈન્કાર કરી તેણીએ કારકિર્દીને અસર ન થાય તેની કાળજી રાખી છે. ત્રણેય ખાન બંધુઓ--આમિર ખાન, સલમાન ખાન અને શાહરૂખ ખાન પણ ચૂંટણી મેદાનમાં હજી સુધી આવ્યા નથી. ભાજપે તો અરવિંદ ત્રિવેદી, દિપીકા ચિખલિયા, ઉપેન્દ્ર ત્રિવેદી અને નરેશ કનોડિયાને ગુજરાતમાં પણ અજમાવ્યા હતા. જયલલીથા અને અન્ય સાઉથના એકટર્સને જોઈને છેલ્લે છેલ્લે સાઉથના બે મોટા સ્ટાર રજનીકાન્ત અને કમલ હાસન પણ રાજકારણમાં આવ્યા છે પરંતુ હજી રિયલ પરફોર્મન્સ બતાવી શક્યા નથી. રાજનીતિમાં કોઈ ફિલ્મસ્ટાર ચૂંટણી લડીને તો કોઈ પાર્ટીનો ચૂંટણી પ્રચાર કરીને રાજનીતિમાં આવ્યા છે પરંતુ રિયલ પોલિટીક્સમાં તેનું કોઈ મહત્વ હોતું નથી. પાર્ટીઓ અને રાજકીય નેતાઓ તેમની બેઠકો વધારવા માટે ફિલ્મસ્ટારોનો ઉપયોગ કરી જાય છે. ફિલ્મસ્ટાર કે જેમને ટિકીટ આપી નથી છતાં મોદીની સાથે છે તેમાં પરેશ રાવલ, અનુપમ ખેર, વિવેક ઓબેરોય અને અક્ષય કુમાર મુખ્ય છે. આપણા દેશમાં હવે 'યુઝ એન્ડ થ્રો' ની રાજનીતિ રંગ લાવી રહી છે.

**ચૂંટણીના પરિણામો પછી રાજ્યમાં પરિવર્તન...**

## લોકસભા ચૂંટણીના પરિણામ પછી ગુજરાતમાં બન્ને પાર્ટીમાં પરિવર્તનની શક્યતા

લોકસભાની ચૂંટણીના પરિણામો પછી ગુજરાતમાં પરિવર્તન શરૂ થવાનું છે. આ પરિવર્તનની દિશા ભાજપ અને કોંગ્રેસ એમ બન્ને પાર્ટીઓમાં જોવા મળી શકે છે. કોંગ્રેસ જો લોકસભાની પાંચ થી સાત બેઠકો લઈ જાય તો ભાજપમાં ભૂકંપ જેવી હાલત થાય તેમ છે, જેની અસર મુખ્યમંત્રી વિજય રૂપાણી સરકાર અને પ્રદેશ સંગઠન ઉપર પડે તેમ છે. સંગઠનમાં પ્રમુખ જીતુ વાઘાણી સહિત પ્રદેશના હોદ્દેદારોમાં બહુ મોટો બદલાવ આવી શકે છે. ભાજપને વિધાનસભામાં ૯૯ નો આંકડો મળ્યો છે ત્યારથી નેતાઓની ઊંઘ હરામ થઈ ગઈ છે. કુંવરજી બાવળિયાને લઈને આંકડો ૧૦૦નો કર્યો પરંતુ નોમિનેશનની ભૂલના કારણે ભાજપે તેના દ્વારકાના ધારાસભ્ય પબુભા માણેકને ગુમાવ્યા છે. એટલે ફરી પાછો આંકડો ૯૯ પર આવીને અટક્યો છે. ચાર પેટા ચૂંટણીમાં એક બેઠક આવે તો આંકડો ૧૦૦નો થાય તેમ છે પરંતુ શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા ઉપર લટકતી તલવાર છે. તેમણે જીતેલી ચૂંટણી રદ બાતલ થઈ શકે છે. આ ૯૯ ધારાસભ્યોએ ભાજપને મુશ્કેલી વધારી છે. એથી ઉલટું જો ગુજરાતની ૨૬ બેઠકો ભાજપને મળી તો કોંગ્રેસમાં બહુ મોટા ફેરફારો આવી શકે છે. કોંગ્રેસમાં વિપક્ષના નેતા પરેશ ધાનાણી અને પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાને બદલવાની શક્યતા છે. સત્તાવાર ઉમેદવારને હરાવવા બદલ કોંગ્રેસના કેટલાય નેતાઓને ઘરભેગા કરવામાં આવી શકે છે. આજે પણ કોંગ્રેસના સિનિયર નેતાઓ કે જેઓ ખૂણો પાળી રહ્યાં છે તેમને અચ્છે દિન આવવાની આશા છે. કોંગ્રેસમાં સવાલ એ છે કે પાર્ટી કેટલા લોકોને સસ્પેન્ડ કરશે? પાર્ટીમાં રહ્યું છે કોણ... મોટાભાગના નેતાઓ તો ભાજપમાં જતા રહ્યાં છે. પાર્ટી પાસે કાર્યકરો છે પરંતુ નેતાઓનો દુકાળ છે.

- ગૌતમ પુરોહિત

**ત્રણ યુવા નેતાઓનો ઉદય અને ભવિષ્ય...**

## ત્રણ યુવા રાજનેતાઓનો ગુજરાતમાં ઉદય થયો પરંતુ હાર્દિક પટેલ સૌથી આગળ

રાજ્યમાં ત્રણ યુવા નેતાઓ કે જેમનો ઉદય ૨૦૧૫ પછી થયો છે. હજી તો તેમનું રાજકારણ ચાર વર્ષનું થયું છે તે પૈકી પાટીદાર અનામત આંદોલનના પ્રણેતા હાર્દિક પટેલની રાજકીય કારકિર્દી હવે શરૂ થઈ રહી છે. કોંગ્રેસના અધ્યક્ષ રાહુલ ગાંધીની ઉપસ્થિતિમાં તે કોંગ્રેસમાં જોડાયો પછી તેની લોકસભા ચૂંટણી લડવાની ઈચ્છા પર અદાલતે પૂર્ણવિરામ મૂકી દીધું છે પરંતુ તેણે કોંગ્રેસના ઉમેદવારોને જીતાડવા માટેના ખૂબ પ્રયાસ કર્યા છે. લોકસભાનું પરિણામ ભલે કોંગ્રેસની વિરૂદ્ધમાં આવે, હાર્દિક પટેલનું સ્થાન નેશનલ લેવલે જવાની શક્યતા વધારે છે. બીજા યુવા નેતા અલ્પેશ ઠાકોર છે કે જેમણે પોતાના હાથે પોતાના પગ પર કુહાડો માર્યો છે. તેઓ ભાજપમાં મંત્રી તો ન બની શક્યા, કોંગ્રેસને દુશ્મન બનાવી બેઠાં છે. લોકસભામાં સત્તાવાર ઉમેદવારોની વિરૂદ્ધમાં ચૂંટણી પ્રચાર કરવા બદલ તેઓ ધારાસભ્ય પદ ખોઈ શકે છે. અલ્પેશ ઠાકોર પાસે ઠાકોર સેના હતી પરંતુ હવે આ સેના તિતર-બિતર થઈ ચૂકી છે. તેણે હવે નવી સ્ટેટેજી અપનાવીને રાજનીતિને ચાલુ રાખવી પડે તેમ છે. ત્રીજા દલિત સમાજના યુવા નેતા જીજ્ઞેશ મેવાણી છે કે જેઓ લોકસભાની ચૂંટણીમાં ક્યાંય વિવાદમાં આવ્યા નથી. દલિત નેતાને યુવા ચહેરો મળ્યો છે પરંતુ હાલ તેઓ અપક્ષ છે. તેમની કોઈ પાર્ટી નથી. તેમની રાજકીય કારકિર્દી ઘણી લાંબી છે. ગુજરાત એવું રાજ્ય છે કે જ્યાં વિધાનસભા કે લોકસભાની તમામ બેઠકોમાં દલિત મતદારો ફેલાયેલા છે તેથી જીજ્ઞેશ મેવાણી દલિત સમાજ માટેનો લડવૈયો બની શકે છે.

**૨૦૨૨ માટે ગુજરાતમાં કોંગ્રેસ સક્રિય બનશે...**

૧૯૮૫ થી ૧૯૯૦ના પાંચ વર્ષ પછી ગુજરાતમાં કોંગ્રેસે સંપૂર્ણ સત્તા જોઈ નથી. ખાસ કરીને ૧૯૯૫માં ભાજપની બહુમતવાળી સરકાર આવ્યા પછી દોઢ વર્ષ શંકરસિંહ વાઘેલાનો બાદ કરીએ તો ૨૦૧૯ સુધી ભાજપની સત્તા છે. એટલે કે છેલ્લા ૨૩ વર્ષથી કોંગ્રેસને વિપક્ષમાં બેસવાનો વારો આવ્યો છે. પાર્ટીના એક રાષ્ટ્રીય નેતાએ કહ્યું હતું કે લોકસભાની ચૂંટણીના પરિણામ પછી ગુજરાત કોંગ્રેસના નેતાઓને ૨૦૨૨ની વિધાનસભા માટે તૈયારી કરાવવાની છે. કોંગ્રેસ એવી સ્થિતિમાં આવી જશે કે વિધાનસભાની ચૂંટણી પહેલાં મુખ્યમંત્રી પદના દાવેદારની ઘોષણા કરી દેવાશે. કોંગ્રેસ એવો ચહેરો શોધે છે કે જે મુખ્યમંત્રી પદને લાયક હોય અને માસ લિડર હોય કે જેથી રાજ્યભરની જનતા તેને ઓળખતી હોવી જોઈએ. બીજા શબ્દોમાં કહીએ તો કોંગ્રેસને ગુજરાતમાં બીજા મોદીની જરૂર છે. મોદી જેવો ચહેરો હોય તો ગુજરાતમાં કોંગ્રેસને સત્તામાં આવતા કોઈ રોકી શકશે નહીં. ૧૯૮૦ અને ૧૯૮૫માં કોંગ્રેસની જેવી સ્થિતિ હતી તેવી સ્થિતિ લાવવાનો આ નેતાએ દાવો કર્યો છે. ૧૯૮૦માં કોંગ્રેસને ૧૪૧ અને ૧૯૮૫માં ૧૪૯ બેઠકો મળી હતી. કોંગ્રેસની પડતી ૧૯૯૦થી શરૂ થઈ હતી. એ વખતની ચૂંટણીમાં ચીમનભાઈ પટેલના જનતાદળને ૭૦ અને ભાજપને ૫૭ બેઠકો મળી હતી જ્યારે કોંગ્રેસને સૌથી ઓછી ૩૩ બેઠકો મળી હતી. ભાજપની પહેલી કેશુભાઈ પટેલના નેતૃત્વવાળી સરકારને ૧૨૧ બેઠકો મળી હતી. ઉલ્લેખનીય છે કે ૨૦૨૨માં ગુજરાતમાં ભાજપના શાસનને ૨૬ વર્ષ થશે.